# સંવત ૨૦૭૮નું રાશિવાર ભવિષ્ય

કેળવવાની જરૂર છે. આંતરિક જીવનમાં અશાંતિ રહે. પારિવારિક-આર્થિક સ્થિતિ નબળી પડતી જણાય.

વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ સારું પસાર થાય. ઉદાર મનોવૃત્તિથી દૂર રહેવું સલાહભર્યું છે. તનતોડ પરિશ્રમ દ્વારા પુનરાવર્તન કરવું પડે. આત્મવિશ્વાસ પૂર્વક ખોટી આદતોથી બચવાની સલાહ છે.

## કર્ક રાશિ : (ડ.હ.)




વિ.સં. ૨૦૭૮ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા સાતમા ભાગીદારી સ્થાનમાં રહેતા તા. ૨૦-૧૧-૨૧થી ગુરૂ તમારા આઠમા ભાવમાં આવે. તા. ૧૩-૪-૨૨થી ગુરૂ તમારા નવમા ભાગ્યભાવે આવશે. શનિ વર્ષારંભે તમારા સાતમા સ્થાને રહે છે. તા. ૨૯-૪-૨૨થી શનિ તમારા આઠમા ભાવે આવશે. અહીં તમારે અઢી વર્ષની શનિની પનોતી ચાંદીના પાયે શરૂ થાય છે. તા. ૧૨-૭-૨૨થી શનિ વક્રી થઈ પાછો તમારા સપ્તન સ્થાનમાં આવશે. રાહુ વર્ષારંભે તમારા અગિયારમા લાભસ્થાને તેમજ કેતુ પાંચમા ભાવમાં રહે છે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા સાતમા ભાગીદારી સ્થાનમાં રહેશે. જે અહીં મિશ્ર ફળદાયી ગણાય. ધંધાકીય મુસાફરી લાભદાયી નિવડે. ગુરૂ સ્થાન હાનિકર્તા હોવાથી દામ્પત્ય જીવનને લગતી તકલીફો રાખે. ભગીદારીના વ્યવસાયિકોને લાભ થાય. મહત્વકાંક્ષાને પૂર્ણ કરવા વધુ પરિશ્રમની જરૂર જણાય. આશાસ્પદ વાતાવરણ છતાં લેવડદેવડમાં સાવધાની રાખવી જરૂરી છે.

તા. ૨૦-૧૧-૨૧થી ગુરૂ તમારા આઠમા ભાવમાં આવે છે. જેમાં આર્થિક-શારીરિક નુકસાનના યોગ બને તમારી ગુપ્ત ચિંતા કે કલેશમાં વધારો થાય હાર્ટને લગતી કે ડાયાબિટીશ સંબંધી તકલીફો વધતી જણાય. લાંબીયાત્રા-મુસાફરી કષ્ટદાયી રહે.

તા. ૧૩-૪-૨૨થી ગુરૂ તમારા નવમા ભાગ્યભાવમાં આવશે. જે ભાગ્યવૃદ્ધિના અનેકયોગોનું નિર્માણ કરે. ધંધાકીય પ્રગતિ સારી કરી શકશો. તમને દિવસે દિવસે વૈભવી જીવનશૈલી જીવવાની આદત પડે. શેર સટ્ટાકીય બાબતે ધ્યાન રાખવું. તમારા જીવનમાં કંઈક કરી છૂટવાની ભાવના જાગે.

શનિ વર્ષની શરૂઆતમાં સાતમા સ્થાને રહે છે જેથી આતંરિક જીવનમાં તકલીફો વધુ રહે. આર્થિક પારિવારિક સમસ્યાઓ તમારો પીછો કરતી જણાય. શારીરિક નાની-મોટી તકલીફો રહ્યા કરે. અર્થવ્યવસ્થા સંબંધી તમારી કસોટી થશે. નાણાંકીય ખોટું રોકાણ થવાના યોગ બને. તમે તમારા વ્યકિતત્વને ખંડિત થતું જોશો.

તા. ૨૯-૪-૨૨થી શનિ તમારા આઠમા સ્થાનમાં આવશે. જે વધુ પરિશ્રમકારક નિવડે. શારીરિક નાની-મોટી અનેક તકલીફોનો સામનો કરવો પડે. કોઈ આઘાતજનક સમાચાર મળે. પેટ સંબંધી તકલીફોના કારણે આહારવિહારમાં કાળજી રાખવી. ખોટા વિચારોથી સચેત રહેવું.

તા.૧૨-૭-૨થી શનિ વક્રી થઈ પાછો તમારા સાતમા સ્થાનમાં આવશે. આપના મગજમાં અવનવી યોજનાઓ ઉદભવે. જીવનસાથીની તબિયત નરમ ગરમ રહે. મર્યાદાની માન્યતાને કઠોર રીતે વળગી રહેવાનો શનિનો સ્વભાવ છે. બ્લડપ્રેશર કે હૃદયરોગવાળા વ્યકિતએ સાચવવું.

વર્ષના આરંભમાં રાહુ તમારા અગિયારમા લાભસ્થાને રહે છે. સ્થાનનો રાહુ શુભફળ અપાવશે. તમારો હક્ક મેળવવાની યોજના સફળ બને. કોઈની પણ ખોટી જામીનગીરીથી દૂર રહેવું. યાત્રા પ્રવાસનું આયોજન સફળ થાય. પ્રેમ, આકર્ષણ જેવા શબ્દ સંદર્ભમાં તમે કંઈક ગુમાવશો. સફળતા અને નિષ્ફળતા વચ્ચે તમારું ગણિત ખોટું પડશે. ભાઈ-ભાંડુ સાથે અણબનાવ રહ્યા કરે.

વર્ષની શરૂઆતમાં કેતુ તમારા પાંચમા સ્થાને રહે છે. આ સ્થાનનો કેતુ શારીરિક નાની-મોટી તકલીફો રાખે. શસ્ત્રક્રિયાના યોગ પણ સંભવે છે. પેટ આંતરડાને લગતી તકલીફો રહે. કોઈની પણ સાથે આર્થિક વ્યવહાર સાવચેતીપૂર્વક કરવો. આર્થિક નુકસાનના યોગ બને.

તા. ૧૨-૪-૨૨થી રાહુ તમારા કર્મભાવે આવશે. જે ધંધાકીય તકલીફો વધારે. અહીં તમને વાસ્તવિક જીવનની આવશ્યકતાઓનું ભાન થશે. શેર સટ્ટાકીય તેમજ આકસ્મિક ધનવ્યયના યોગ બને. જન્મના ગ્રહો શુભ હશે તો આકસ્મિક નુકસાનથી બચી શકશો. તમારા ધૈર્યની કસોટી થશે. કાનૂની દૃષ્ટિએ તમારી સાથે બનાવટ થવાના પૂરા યોગ બને.

તા. ૧૨-૪-૨૨થી કેતુ તમારા સુખ ભાવે આવશે. જે સ્થાવર સંબંધી તેમજ માતાને તકલીફકર્તા બને. તમને મનુષ્યની સ્વાર્થપ્રિયતા માણવાનું સદભાગ્ય સાંપડશે. શંકાસ્પદ વ્યકિત કે કાર્યોથી દૂર રહેવું હિતાવહ ગણાય. આર્થિક મોટા નુકસાનના યોગ બને. જમીન-જાયદાદની ખરીદી કાળજીપૂર્વક કરવી.

સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. નોકરી કરતી સ્ત્રીઓને વર્ષની શરૂઆતમાં પ્રગતિના ચાન્સ સારા મળે. વિવિધ પ્રકારના પ્રલોભનોથી દૂર રહેવું. અહીં તમે છળકપટનો આશ્રય લઈ મનવાંચ્છિત વસ્તુ કે વ્યકિતને મેળવવા પ્રયત્ન કરશો.

વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. ઈતર પ્રવૃત્તિમાં ધ્યાન ન આપતાં અભ્યાસ પરત્વે ધ્યાન કેન્દ્રિત કરવું. ખાનપાનની નિયમિતતાને કારણે તમારી તબિયત બગડે. ડિગ્રી પ્રાપ્તિના તમારા પ્રયત્નો નિષ્ફળ જતાં જણાય.

## સિંહ રાશિ : (મ.ટ.)

વિ.સં. ૨૦૭૮ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા છઠ્ઠા રોગ શત્રુ ભાવમાં રહેતા તા. ૨૦-૧૧-૨૧થી ગુરૂ તમારા સાતમા ભાગીદારી સ્થાનમાં આવશે. તા. ૧૩-૪-૨૨થી ગુરૂ તમારા આઠમા સ્થાનમાં આવશે. વર્ષની શરૂઆતમાં શનિ તમારા છઠ્ઠા ભાવમાં રહેતાં તા. ૨૯-૪-૨૨થી શનિ તમારા સાતમા સ્થાનમાં આવશે.તા. ૧૨-૭-૨૨થી શનિ વક્રી થઈ પાછો તમારા છઠ્ઠા સ્થાનમાં આવશે. રાહુ વર્ષની શરૂઆતમાં દસમા કર્મભાવે તેમજ કેતુ ચોથા સ્થાનમાં રહેશે. તા. ૧૨-૪-૨૨થી રાહુ તમારા નવમા ભાગ્યભાવમાં તથા કેતુ ત્રીજા સ્થાનમાં રહેશે. મંગળ તમારા ત્રીજા પરાક્રમ સ્થાનથી અગિયારમા લાભ સ્થાન સુધીનું ભ્રમણ પુરું કરશે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા છઠ્ઠા સ્થાને રહે છે. જે અનુકૂળ નથી. જે અનેક તકલીફોનો સામનો કરાવે. અંગત સમસ્યાનું નિરાકરણ કરી શકશો. આર્થિક સ્થિતિ સુધરવા છતાં તમે મળતા લાભ ન મેળવી શકો. તમે તન, મન અને ધનથી ખૂબ જ દુઃખી થશો. ધીરધારનો ધંધો કરનારે સાવચેતી રાખવી. મોસાળ પક્ષમાં શુભ પ્રસંગો આવે. વધુ પડતાં વિચારોને કારણે તમારા મનમાં એક પ્રકારનો અસંતોષ જાગશે.

તા. ૨૦-૧૧-૨૧થી ગુરૂ તમારા સાતમા સ્થાનમાં આવશે. અહીં તે શુભ ફળ આપવા માટે સમર્થ હોવા છતાં શનિની યુતિમાં હોવાથી શુભ ફળ મળવા નહીં દે. નવીન ભાગીદારીના કાર્યો સારા થાય. આવકની બાબતે તમારી આવકના પ્રમાણમાં ખોટા ખર્ચા વધુ થાય. માનવતાવાદી કાર્યો કરવા છતાં સફળતા ઓછી પ્રાપ્ત થાય. આ વર્ષમાં તમે તમારા જીવનની મહત્વપૂર્ણ યાત્રા કરશો. ધંધાકીય મુસાફરી લાભદાયી નિવડે.

તા.૧૩-૪-૨૨થી ગુરૂ તમારા આઠમા ભાવમાં આવશે. અહીં તમારે આર્થિક, શારીરિક નુકસાનની તૈયારી રાખવી પડશે. આળશનો વધારો થવાથી તમારામાં શારીરિક તકલીફો વધે. કૌટુંબિક ચિંતાઓ તમારો પીછો કરતી જણાય. આવક સંબધી ખોટા મોહ કે લાલચમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી. શેર સટ્ટાકીય કે દલાલી સંબંધી કાર્યોથી દૂર રહેવું.

વર્ષની શરૂઆતમાં શનિ તમારા છઠ્ઠા રોગશત્રુ સ્થાનમાં રહે છે. આ સ્થાન માટે શનિ અનુકૂળ છે. છતાં આંતરિક માનસિક અશાંતિ વધુ રાખે. આર્થિક બાબતે મહત્વની તકો આવે છતાં તમે તે મેળવી ન શકો. ધંધાકીય મુસાફરી તકલીફકર્તા બને. ઘણું સારું પ્રાપ્ત કરવા છતાં તમને મનથી અપૂર્ણતાનો અનુભવ થશે. વ્યવહારિક જવાબદારીમાં વધારો થાય. માનસિક ચિંતા તમારું આરોગ્ય બગાડે. નોકરચાકર સંબંધી તકલીફો વધુ રહે.

તા. ૨૯-૪-૨૨થી શનિ તમારા સાતમા ભાગીદારી સ્થાનમાં આવશે. આપ બેચેની અનુભવશો. જીવનસાથી સાથે વિચારોમાં મતભેદો રહે. બ્લડપ્રેશર કે હૃદયરોગવાળી વ્યકિતઓએ સાચવવું. આ શનિ નાણાંકીય લાભની સાથે સાથે આપને પરિપકવ બનાવશે. નીતિ-અનીતિના વિવાદો ઉભા થાય. ગમ ખાતા શીખશો તો કંઈક મેળવી શકશો.

તા. ૧૨-૭-૨૨થી શનિ વક્રી થઈ પાછો તમારા છઠ્ઠા સ્થાને રહે છે. અહીં તમારે અનેક પ્રકારે નિરાશાનો સામનો કરવો પડે. કાનૂની સમસ્યાઓ તમારો પીછો કરતી જણાય. અંગત વ્યકિતઓ સાથેનું તમારું વર્તન કડવાહત ભરેલું બને. નોકર ચાકરનો ત્રાસ સહન કરવો પડે. નોકરિયાત વર્ગને સહકાર્યકર્તાઓ સાથે અણબનાવ રહે. ખોટી લાલચમાં ફસાશો તો અનેક પ્રકારે નિરાશા મેળવશો.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા દસમા કર્મસ્થાને રહે છે. નવા સાહસિક કાર્યો થાય. ભૌતિક સુખ સગવડના સાધનોની તમારી ભૂખ તીવ્ર બનતી જણાય. તમે અગમ્યને ગમ્ય બનાવશો. આર્થિક બાબતે તમારું સ્થાન ટકાવવા તમારે તનતોડ પ્રયત્નો કરવા પડશે. જેથી સ્થાવર, ભૂમિ, મકાન આદિના પ્રશ્ને વિઘ્નો, રૂકાવટો આવે. તમારી સામે છળકપટના દેશ્યો સર્જાય. લાલચમાં આવી કોઈ ખોટા કાર્યમાં ઝંપલાવશો નહીં. શંકાસ્પદ વ્યકિત કે કાર્યોથી દૂર રહેવું હિતાવહ ગણાય.

તા. ૧૨-૪-૨૨થી રાહુ તમારા નવમા ભાગ્યભાવે આવશે. જે ભાગ્યવૃદ્ધિની તકોને નિષ્ફળ બનાવે. તમે ધર્મ પ્રત્યે વિમુખ બનતા જાવ. ખોટા ધાર્મિક આડંબરો વધે. ગંભીરતાપૂર્વક કરેલી વિચારણા લાભદાયી નિવડે. શેર સટ્ટાકીય પ્રવૃત્તિથી દૂર રહેવું. ભૌતિક સુખનું પ્રમાણ આવશ્યકતા કરતાં વધુ રહે. સ્થાન પરિવર્તનના યોગ બને. આધ્યાત્મિક ભાષામાં ઈશ્વરના દર્શન જેવી ઘટના બને.

તા. ૧૨-૪-૨૨થી કેતુ તમારા ત્રીજા પરાક્રમ સ્થાનમાં રહેશે. ભાઈભાંડુ સાથે મનદુઃખ કે મતભેદો વધુ રહે. પુરુષાર્થ સ્થાનનો કેતુ તમને કોઈ પણ કાર્ય પુરું કરવા નહીં દે. કૌટુંબિક જીવનમાં ચમત્કારિક કહી શકાય તેવા બનાવો બને. ફળની આશા વગર તમે કર્મ કરી અણધાર્યા લાભ મેળવી શકશો.

સ્ત્રીઓમાટે : સ્ત્રીઓ માટે આવર્ષ મધ્યમ પસાર થાય. તમારી શકિત અને નાણાં વેડફાતા જણાશે. તમારી મહત્વાકાંક્ષા તીવ્ર બનશે. સ્ત્રીઓને ઉપરીવર્ગથી અણબનાવ રહે. આ વર્ષમાં મેળવવા કરતાં ગુમાવવાનું વિશેષ છે. જવાબદારીની મર્યાદા ઓળંગી ન જવાય તેની કાળજી રાખવી.

વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી રહે. ઉચ્ચ ડિગ્રીની પ્રાપ્તિ માટે તમારે મહેનત કરવામાં કસર રાખવી જોઈએ નહીં. આળસના કારણે સમયનો બગાડ થાય. અંગત મિત્રો દ્વારા દગો થવાના યોગ

## કન્યા રાશિ : (પ.ઠ.ણ.)

વિ.સં. ૨૦૭૮ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા ચોથા સુખભાવે રહે છે. તા.૨૦-૧૧-૨૦૨૧થી ગુરૂ તમારા છઠ્ઠા રોગ શત્રુ ભાવે આવે છે. તા.૧૩-૪-૨૦૨૨થી ગુરૂ સાતમા ભાગીદારી સ્થાનમાં આવશે. વર્ષની શરૂઆતમાં શનિ તમારા પાંચમા સ્થાને રહેતા તા.૨૯-૪-૨૨થી શનિ તમારા છઠ્ઠા રોગ શત્રુ સ્થાનમાં આવશે. તા. ૧૨-૭-૨૨થી શનિ વક્રી થઈ ફરી તમારા પાંચમા સ્થાનમાં આવશે. વર્ષની શરૂઆતમાં રાહુ તમારા નવમા સ્થાનમાં આવશે તેમજ કેતુ તમારા ત્રીજા પરાક્રમ સ્થાનમાં રહેશે. તા.૧૨-૪-૨૨થી રાહુ તમારા આઠમા સ્થાનમાં તેમજ કેતુ બીજાભાવમાં રહેશે. મંગળ તમારા બીજા સ્થાનથી દસમા ભાવ સુધીનું ભ્રમણ પુરું કરશે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા પાંચમા સ્થાનમાં રહેતા સાહસિક કાર્યોમાં વધારો કરશે. તમારો પુરુષાર્થ સફળ થવા છતાં તમે બીજાના ઋણી બનતા જશો. આર્થિક પ્રગતિમાં ક્રમે ક્રમે વધારો થાય. કુટુંબમાં વડિલો સાથે સંઘર્ષ થાય. સંતાનોની ઈચ્છા પૂર્ણ થતી જણાય.

તા. ૨૦-૧૧-૨૨થી ગુરૂ તમારા છઠ્ઠા રોગ શત્રુસ્થાને આવશે. જે અહીં અનુકૂલ નથી. ખાનપાનની અનિયમિતતા તમારું આરોગ્ય બગાડશે. અંગત સંબંધો તૂટતા જણાય. તમારામાં જાણે અજાણે સ્વાર્થ વૃત્તિ પાંગરશે. નાણાંની જવાબદારી સંબંધી નારાજગી ઉભી થાય. નોકર ચાકરને લગતી તકલીફો રહે. કાનની ઉપાધિઓ પીછો કરતી જણાય. સંબંધો માટેની લાગણીસભર જવાબદારીમાં વધારો થાય.

તા. ૧૩-૪-૨૨થી ગુરૂ તમારા સાતમા ભાગીદારી સ્થાનમાં આવશે. જે ગુરૂ માટે હાનિકર્તા હોવાથી ધંધાકીય આંતરિક મતભેદો રહે ભાગીદારીના વ્યવસાયિકોને ભાગીદારીમાં મનદુઃખ થાય. તમારી મહત્વાકાંક્ષામાં વધારો થાય. તમારા પુરુષાર્થમાં વધારો થાય. તમારી આર્થિક ગણતરી ખોટી પડતી જણાય. જીવનમાં મહત્વપૂર્ણ યાત્રાના યોગ બને નોકરિયાત વર્ગનેબઢતી કે પ્રમોશનના ચાન્સ મળે.

વર્ષની શરૂઆતમાં શનિ તમારા પાંચમા સ્થાને રહેતા જે આંતરિક-માનસિક અશાંતિ વધારે. આર્થિક નુકસાનને પહોંચી વળવા તમારે અથાગ પ્રયત્નો કરવા પડશે. આ સમયની અનેક ઘટનાઓ તમારા જીવનમાં તોફાનો સર્જે. સંતાન અંગેની તકલીફો રહે મહેનત અને ધગશથી કામ કરશો તો રાહત અનુભવશો. તમારી ઈચ્છા વિરુદ્ધના કાર્યો થવા છતાં તમે કંઈ જ ન કરી શકો.

તા. ૨૯-૪-૨૨થી શનિ તમારા છઠ્ઠા રોગ શત્રુસ્થાનમાં રહે છે. હિતશત્રુ તમારા વિરુધ્ધ ષડયંત્ર રચે. નોકર ચાકર તરફનો ત્રાસ સહન કરવો પડે. સામાજિક કાર્યો સારા થાય. આર્થિક શારીરિક નબળાઈનો અનુભવ થાય. સામાજિક કાર્યો સારા

નવા વર્ષ નિમિત્તે સર્વેને
હાર્દિક શુભેચ્છા
હાલમાં ચાલતી વૈશ્વિક મહામારીમાં
તમામ ગાંધીનગરના નાગરિકોને વિનંતી કે
રસી મુકાવો, કોરોના ભગાવો.
સરકારના આ કાર્યનો સહયોગ કરી સફળતા અપાવો.
'ડ્રીમ' લેન્ડ કન્સલ્ટન્ટ
૩૦૨, શાલીન કોમ્પલેક્ષ, વિજય પેટ્રોલ પંપ સામે,
નવિનભાઈ એમ. ખમાર - ૯૮૨૫૦ ૩૦૪૨૪
મેઘમલ્હાર કોમ્પલેક્ષની બાજુમાં, સેક્ટર-૧૧, ગાંધીનગર
મો. ૯૮૨૫૮ ૩૦૪૨૪, ફોન : ૨૩૨ ૨૫૪૦૧
'ડ્રીમ' કીચન ગેલેરી
૧૭, આયના કોમ્પલેક્ષ, સુવર્ણવીલા બંગલાની સામે,
૧૦૦ ફૂટ હેબતપુર રોડ, થલતેજ, અમદાવાદ
કમલેશ નાયક - ૯૭૨૩૮ ૧૨૮૩૧
: સૌજન્ય :
નવિનભાઈ એમ. ખમાર
કમલેશ નાયક
રીધમ કમલેશ નાયક

પરમકૃપાળુ પરમાત્મા સૌના જીવનમાં
સુખ-શાંતિ અને સમૃદ્ધિની
શીતળ છાંયડી આપે તેવી મનોકામના સહ....
નૂતન વર્ષાભિનંદન
રાજકમલ કન્સ્ટ્રકશન
મો. : ૯૮૨૪૨ ૦૦૭૩૬
પ્રો. હાડા કાળુસિંહ એસ.
બિલ્ડર્સ, સરકાર માન્ય કોન્ટ્રાક્ટર, ગાંધીનગર
કોન્ટ્રાક્ટર અને એન્જિનીયર
ફર્મ : સાંઈ રેસીડન્સી - ચિલોડા
ઉમા ગ્રીન્સ - કુડાસણા
ગોવિંદમ્ - રાયસણ

નૂતન વર્ષ આપના જીવનમાં
પ્રેમનો પરિમલ પ્રસરાવે તેવી
શુભકામનાઓ સહ...
નૂતન વર્ષાભિનંદન
પ્રેમબા કે. હાડા
ઉપપ્રમુખ-ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિ
જિલ્લા પ્રભારી - ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ
(મહિસાગર, દાહોદ, વડોદરા)

Happy New Year

કરણસિંહ બી. વાઘેલા
એડવોકેટ
: વાઈસ ચેરમેનશ્રી :
બાર કાઉન્સીલ ઓફ ગુજરાત
સેનેટ સભ્ય :
ઉત્તર ગુજરાત યુનિવર્સિટી
પ્રમુખ :
ગુજરાત રાજપૂત એડવોકેટ ફેડરેશન
પૂર્વ પ્રમુખ :
શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર
આગામી સંવત-૨૦૭૮નું નવું વર્ષ સુખ, શાંતિ,સમૃદ્ધિ અને વૈભવથી તમામ માટે સુખાકારીના સંદેશ સાથે શરૂ થાય તેવી નવા વર્ષની લાખ લાખ શુભેચ્છાઓ...
કે. બી. વાઘેલા એન્ડ એસોસીએટ્સ
અમદાવાદ : ૨૦૫, આયના કોમ્પલેક્ષ, શેલ પેટ્રોલ પંપ પાસે, ૧૦૦ ફૂટ રીંગ રોડ, થલતેજ. ફોન : ૦૭૯-૨૯૭૦૧૮૧૪
ગાંધીનગર : ૬૦૨, શાલીન કોમ્પલેક્ષ, 'ચ' રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૩૩૩૬૪
Email : kbvaghelaassociates@gmail.com